મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં વધતી જતી પાર્કીંગની સમસ્યા

સેકટર-૨૧, ૧૭-૨૨, સેકટર-૧૧, સેકટર-૬, કુડાસણ અને ઈન્ફોસીટી કોમર્શીયલ વિસ્તારમાં પાર્કીંગ અસ્તવ્યસ્ત

પાર્કીંગને લગતા મુખ્ય અસરકારક મુદ્દાઓ

- શહેરમાં વાહનોની સંખ્યામાં થતો વધારો
- ક્ષમતા કરતાં ફોર વ્હીલર વધારે
- પાર્કીંગની જગ્યાઓ અપૂરતી હોવી
- યોગ્ય વ્યવસ્થાનો અભાવ
- પાર્કીંગ સેન્સાનો અભાવ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર દિનપ્રતિદિન ચો-તરફ વિકસી રહ્યું છે. પરંતુ તંત્ર દ્વારા અણઘડ આયોજનને કારણે ટ્રાફિકની સમસ્યા દૂર થવાને બદલે વકરતી જાય છે. પાટનગરમાં ટ્રાફિક અનિવાર્ય અનિષ્ટરૂપે પ્રજાને પરેશાન કરી રહ્યો છે. શહેરના કોમર્શિયલ કોમ્પ્લેક્ષો પાસે પાર્કીંગની સેન્સના અભાવે વાહન પાર્કીંગની સમસ્યા વિકરાળ બનતી જાય છે. આડેધડ પાર્કીંગના કારણે ગાંધીનગરમાં ટ્રાફિક સમસ્યાઓ જોવા મળી રહી છે.

શહેરના સેકટર-૨૧, સેકટર-૧૧, ૧૭-૨૨, સેકટર-૬, સેકટર-૨૪, કુડાસણ, ઈન્ફોસિટી વિસ્તારોમાં આડેધડ પાર્કીંગ થવાના કારણે આ વિસ્તારોમાં વધારે ભીડ જોવા મળે છે. લોકો નો-પાર્કીંગમાં પોતાના વાહનો પાર્ક કરી મુકે છે.

શહેરમાં પાર્કીંગ અને જાહેર પાર્કીંગને બદલવાની જરૂરિયાત હાલના શહેરી પ્લાનીંગ પ્રોજેકટમાં છે. શહેરના ફૂટપાથ પર વેપારીઓએ અડિંગો જમાવ્યો છે અને દ્વિચક્રી વાહનો સાથે ફોર વ્હીલરનું પાર્કીંગ થતાં રાહદારીઓ માટે કયાં જવું તેની મુંઝવણ ઉભી થાય છે. લોકો મનફાવે ત્યાં વાહન પાર્ક કરી દેતા હોય છે. દરેક ખુલ્લી જગ્યાનો વાહન પાર્ક કરવા માટે ઉપયોગ કરાઈ રહ્યો છે.

હાલમાં તહેવારોના પગલે ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં ગ્રાહકોનો ધસારો વધી રહ્યો છે. અને તે સાથે જ વાહનોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં જોવા મળી રહી છે. આ વિસ્તારમાં જયાં ફૂટપાથ સંલગ્ન પાર્કીંગ વ્યવસ્થા છે તેમાં ગેરકાયદેસર દબાણોનો રાફડો છે માટે તંત્ર દ્વારા અવારનવાર દેખાવ પૂરતી કાર્યવાહી કરાય છે. પરંતુ કડક હાથે દબાણો હટાવવામાં હજુ પણ તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં જે ફુવારા શહેરની શાન હતા તેને હટાવીને પાર્કીંગ ઝોન વધારવાની યોજનાઓ અંગે વિચારણા કરાઈ હતી પરંતુ તે યોજનાનું શું થયું તે હાલ કહેવું મુશ્કેલ છે.

સેકટર-૨૧ અને ૨૪માં શાકમાર્કેટ અને અન્ય દુકાનો હોવાથી વધારે ભીડ થાય છે. જેથી પાર્કીંગની વ્યવસ્થાઓ તંત્ર દ્વારા અવશ્ય કરવી જોઈએ. અવ્યવસ્થિત પાર્કીંગ સમસ્યાઓ પર તંત્રએ નજર નાખવી જોઈએ. શહેરમાં અવ્યવસ્થિત પાર્કીંગના કારણે અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

ગાંધીનગરમાં વિકાસના નામે ઘણા બધા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે વધતી જતી ટ્રાફિક સમસ્યાઓ અને ઠેર ઠેર પાર્કીંગની સમસ્યાઓનો ઉકેલ નહીં થાય તો પાટનગરને પણ અમદાવાદ સીટી જેવી ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો રહ્યો.

જન્મદિને વધામણી

મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

બરખા જહા

સૂર્યકાન્ત બારોટ
કાર્યકારી પ્રમુખ, પેન્શનર સમાજ
મો. : ૯૯૧૩૩ ૭૭૩૬૧

જય પવાર
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬

ગાંધીનગર જિલ્લામાં 'આપ'ની જન સંવેદના યાત્રા

આમ આદમી પાર્ટીની જન સંવેદના યાત્રા આજે ગાંધીનગરના માણસા અને કલોલ તાલુકાના ગ્રામ્ય વિસતારોમાં ફરી હતી જયાં નાગરિકોનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. જન સંવેદના યાત્રામાં આપ નેતા ઈસુદાન ગઢવી, મહેશ સવાણી, વિજય સુવાળા, પ્રવીણ રામ, અમદાવાદ ઝોન પ્રભારી શિવ કુમાર, સંગઠનમંત્રી હસમુખ પટેલ, જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ સહિત નેતાઓ-કાર્યકરોની હાજરીમાં કોરોના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આપના નેતાઓએ દિવંગતોના સ્વજનોને મળીને તેમની વાત સાંભળવા સાથે સંવેદના વ્યક્ત કરી હતી.

રોટરી કલબની બાળકો માટે 'છોટે કિસાન' સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૨

રોટરી કલબ અને રોટરેકટ કલબ ગાંધીનગર દ્વારા ધોરણ ૧ થી ૯ના બાળકો માટે 'છોટે કિસાન' સ્પર્ધા યોજવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો લીલા શાકભાજી જાતે ઉગાડતા થાય તેની માવજત કરે અને તેજ શાકભાજી ખાતા થાય જેથી પર્યાવરણ અને પ્રકૃતિ સાથે સંબંધ કેળવાય તે માટેનો છે. દરેક ભાગ લેનાર બાળકને જુદા જુદા રોપા અને બીજ રોટરી તરફથી નિઃશુલ્ક આપવામાં આવશે. જેમાં રોપા ઉગાડવા નજીવી કિંમતે કુંડા પણ જરૂરી સ્પર્ધકને આપવામાં આવશે. તા. ૧૪ અને ૧૫ ઓગસ્ટના રોજ રોટરી ફીઝીઓથેરાપી સેન્ટર, પંચદેવ મંદિર પાછળ, સે-૨૨ ખાતેથી સવારે ૯ વાગેથી ૧૧ વાગ્યા સુધી અને સાંજે ૪ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી ભાગ લેનારને રોપા વિતરણ કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ટોકન ચાર્જ રૂ. ૨૦ રાખેલ છે. વધુ મહિતી માટે નીતીનભાઈ પાદરિયા મો.નં. ૮૭૩૨૯ ૨૦૦૧૦નો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

ફોરેન્સિક યુનિવર્સિટી રાષ્ટ્રીય કક્ષાની બનતાં વિદ્યાર્થીઓનો પ્રવેશ મેળવવા ધસારો

પ્રવેશ પ્રક્રિયા શરૂ થતાં જ દેશ-વિદેશના વિદ્યાર્થીઓની ૪ હજારથી વધુ અરજીઓ આવી : યુનિવર્સિટીનો પ્રવેશ પરીક્ષા લેવા વિચાર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી કે જેને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરનો અને 'ઈન્સ્ટિટ્યૂશન ઑફ નેશનલ ઈમ્પોર્ટન્સ'નો ગૌરવમય દરજ્જો પ્રદાન થયો છે. આ જીએફએસયુ યુનિવર્સિટી, હવે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી બનતા, અહીં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળ્યો છે. આ વર્ષની પ્રવેશ પ્રક્રિયાને પૂર્ણ થવામાં હજી ૧૦ દિવસની વાર છે ત્યારે માત્ર એક જ મહિનામાં દેશ-વિદેશના ૪ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટેની અરજી કરી ચૂક્યા છે અને ફોરેન્સિક ક્ષેત્રમાં નિષ્ણાત બની પોતાની કારકિર્દી ઘડવાની ઈચ્છા વ્યકત કરી છે જયારે આ યુનિવર્સિટીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા હજુ તો તા.૨૧મી ઓગસ્ટના રોજ પૂર્ણ થઈ રહી છે.

નેશનલ ફોરેન્સિક સાયનસ યુનિવર્સિટીના ગાંધીનગર કેમ્પસ ડાયરેકટર પ્રો.ડો.એસ. ઓ. જુનારેએ જણાવ્યું છે કે 'વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી એનએફએસયુ ગુજરાતના ગાંધીનગર ઉપરાંત દિલ્હી ખાતે પણ કેમ્પસ ધરાવે છે. યુનિવર્સિટીના કુલપતિ ડો. જે. એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ આ વર્ષે નવી સ્કૂલ્સ અને અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. જેને પરિણામે યુનિવર્સિટી હવે કુલ ૧૨ સ્કૂલ્સ ધરાવે છે. તા.૧૧ ઓગસ્ટ સુધીમાં પ્રવેશ માટે આવેલી અરજીઓની કુલ સંખ્યા ૪,૧૩૯ થાય છે. દિલ્હી કેમ્પસ ખાતે પણ કુલ ૨૦૯ વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે અરજી કરી છે. જ્યારે બન્ને કેમ્પસ માટેની કોમન એપ્લિકેશનની સંખ્યા ૧૨૫૮એ પહોંચી છે. તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રશિક્ષણ દ્વારા ફોરેન્સિક વિજ્ઞાન ક્ષેત્રના નિષ્ણાતો તૈયાર કરવાના હેતુથી એનએફએસયુ દ્વારા પીએચ.ડી.થી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા સુધીના અભ્યાસક્રમોમાં જોડાવા માટે માત્ર દેશ જ નહીં, વિદેશના વિદ્યાર્થીઓએ પણ રસ દાખવ્યો છે. જેને પરિણામે અનેક વિષયોમાં પ્રવેશ પરીક્ષા લેવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અહીં નોંધનીય છે કે દેશમાં કાયદો-વ્યવસ્થા તથા રાષ્ટ્રની આંતરિક સુરક્ષામાં આ ફોરેન્સિક નિષ્ણાતો તૈયાર થતાં ગંભીર ગુનાઓ ઝડપથી ઉકેલાશે તથા રાષ્ટ્ર-વિદેશમાં શાંતિમય માહોલ સર્જવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે.'

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'રક્ષા સુશોભન'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ગિરિરાજ ઉપર શ્યામ ઘટાના હિંડોળા યોજાશે.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા વાર્ષિક સામાન્ય સભા

ગાંધીનગર, તા.૧૨

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા ૧૨ સપ્ટેમ્બર રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સમાજના હોલ ખાતે રાખવામાં આવી છે. કોરોના મહામારીને કારણે ચૂંટણી ટાળીને પસંદગીથી નવી કારોબારી રચવાનો પ્રયાસ કરાયો છે. તેથી જે સભ્યોને જોડાવાની ઈચ્છા હોય અને સમાજની સેવા કરવાનો રસ હોય તેવા સભ્યોએ તારીખ ૨૫ ઓગસ્ટ, બુધવારના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાદા કાગળ ઉપર અરજી કરવા જણાવાયું છે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે નેશનલ લાયબ્રેરીયન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

દર વર્ષે ૧૨ ઓગષ્ટ ના રોજ ડૉ. એસ. આર. રંગનાથનની જન્મ જયંતિ નિમિતે નેશનલ કક્ષા એ લાયબ્રેરીયન દિવસ મનાવવામાં આવે છે. જેના ભાગ રુપે સાયન્સ કોલેજના લાયબ્રેરી વિભાગ દ્વારા કોલેજ ના સ્ટાફ માટે ઓપેક અને એનલિસ્ટની સેવા જે લાયબ્રેરી વિભાગ દ્વારા આપવામાં આવે છે તેનો ઓરિએન્ટેશન પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ઓનલાઈન જનરલ નોલેજ કવીઝનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ/સ્ટાફે ભાગ લધો હતો. તદઉપરાંત ઓનલાઈન બુક રીવ્યુ સ્પર્ધા પણ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. કોલેજ ના

પ્રિન્સીપાલ ડો. એમ. જી. ભટ્ટે ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં કહ્યુ હતુ કે કોઈ પણ સંસ્થામાં લાયબ્રેરી એ હૃદય સમાન હોય છે. કોઈ પણ શેક્ષણિક સંસ્થામાં લાયબ્રેરીનું કેટ્લુ મહત્વ છે તે જણાવ્યુ હતું તેમજ અત્રેની કોલેજની લાયબ્રેરી દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રંશસા પણ કરી હતી. લાયબ્રેરી સમિતિના ચેરમેન ડો. જી. આર. પટેલ અને લાયબ્રેરીયન જયશ્રીબેન ડી. પંડયા દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન તેમજ સંચાલન કરવામાં આવ્યુ હતું.

સોજીત્રા આંગડીયા લુંટના ત્રણ આરોપીઓ કલોલથી ઝડપાયા પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૨

આણંદ જિલ્લાના સોજીત્રા પોલીસ મથક વિસ્તારમાં પખવાડીયા પહેલા રાત્રીના સમયે આંગડીયા પેઢીના કર્મચારીઓ પાસેથી હીરા તેમજ સોના-ચાંદીના દાગીના ની લુંટને અંજામ આપનાર આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓને કલોલ આંબેડકર ત્રણ રસ્તા પાસે બ્રિજ નીચેથી એલસીબી-૧ પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે લુંટના આ ત્રણ આરોપીઓ પાસેથી રૂ.૨.૪૬ લાખનો સોના-ચાંદીના મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ તેમજ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ મુકેશસિંહ દલપતસિંહ અને જયપાલસિંહ પ્રતાપસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે આણંદ જિલ્લાના સોજીત્રા પોલીસ મથક વિસ્તારમાં થયેલી આંગડીયા

લુંટના આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ સોના-ચાંદીના દાગીના સાથે કલોલ આંબેડકર ત્રણ રસ્તા પાસે બ્રિજ નીચે ઉભા છે. જેને પગલે પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યા પરથી અફઝલ ઉર્ફે અજો બાબુભાઈ નાગોરી (રહે. મસ્જીદ વાસ, ચંદ્રોડા ગામ તા.બહુચરાજી જી.મહેસાણા), સિકંદર ઉર્ફે સીકો હાજીભાઈ સિપાઈ (ઉં.૨૭, રહે. નાગોરી વાસ ચંદ્રોડા ગામ તા.બહુચરાજી), તેમજ હારૂન ઉર્ફે બક્કો ઉસ્માનભાઈ નાગોરી (ઉં.૩૦ હરીજનવાસ ચંદ્રોડા ગામ તા.બહુચરાજી) ને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સોને પુછતાછ કરતા તે યોગ્ય જવાબ આપ્યો ન હતો. પોલીસે તેઓની અંગજડતી કરતા તેઓની પાસેથી સોના-ચાંદીના દાગીના ચાંદીની લક્ષ્મીજીની મૂર્તિઓ, ચાંદીનું ત્રિશુલ-ડમરૂ, તેમજ ચાંદીની પાયલો, વિવિધ સાઈજની ડોડીયો, ચાંદીના બિલીપત્ર, ચાંદીનું યંત્ર, તેમજ સોનાના લેડીઝ કેયડા, સોનાની બુટ્ટીઓ, સોનાની રૂદ્રાક્ષની માળા, સોનાના આંકડા તેમજ કલીપો સહિત મળી કુલ રૂ.૨,૪૬,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આ શખ્સો સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે મુદ્દામાલ અંગે પુછતાછ કરતા તેઓએ જણાવ્યું હતું કે પોતાના ગામમાં આવેલ હોટલ રાજધાની પર અવાર-નવાર સહ આરોપી ચેતનભાઈ ઉર્ફે લાલભાઈ ગઢવી તેમજ સહ આરોપી દર્શન ઉર્ફે ડી મહેસાણા ઝડપથી પૈસા કમાવવા માટે સોના ચાંદના દાગીના લઈને જતા આંગડીયા પેઢીના કર્મચારીઓને લુંટવાનો પ્લાન બનાવ્યો હતો. આ ગુનામાં અગાઉ ચાર આરોપીઓ પકડાયેલા છે. જયારે લુંટમાં ગયેલા મુદ્દામાલ પૈકી ઉપરોકત મુદ્દામાલ આ ત્રણ શખ્સો પાસેથી કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની વર્ચ્યુઅલ બેઠક

ગાંધીનગર, તા.૧૨

કોરોના મહામારીના કારણે જેમની આર્થિક સ્થિતિ નબળી પડી છે તેવા વાલીઓ પોતાના બાળકને ખાનગી શાળામાંથી સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કરવા ઈચ્છે છે પરંતુ ખાનગી શાળાની ગયા વર્ષની ફી ન ભરાઈ હોવાને કારણે ખાનગી શાળાઓ સ્કૂલ લિવીંગ સર્ટીફીકેટ આપતી નથી. આ સંજોગોમાં સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ વગર પણ આવા બાળકોને સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ મળે તે માટે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે સરકારના શિક્ષણ વિભાગને અપીલ કરી હતી. જેમાં ૨૫ ટકા ફી માફી, વિદ્યાર્થીઓને સરકારી શાળામાં પ્રવેશ આપવો વગેરે બાબતોના વૈકલ્પિક ઉપાયો અને સૂચનો કર્યા હતા. આ બેઠક ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના અધ્યક્ષના પ્રમુખસ્થાને મળી હતી.

ગાંધીનગર વણકર સમાજની વાર્ષિક સાધારણ સભા સેકટર-૧૧ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર વણકર સમાજની વર્ષ ૨૦૨૦-૨૧ની વાર્ષિક સાધારણ સભા ૧૫ ઓગસ્ટ, રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે યોજાશે. જે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સચિવાલયની સામે સેકટર-૧ ખાતે રાખવામાં આવી છે. સમાજના સભ્યો, પદાધિકારીઓ અને ટ્રસ્ટીગણને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મૂળજીભાઈ પરમાર (ઉપપ્રમુખ) દ્વારા જણાવાયું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પરમાર ચંદ્રિકાબેન ગણપતલાલ,** ઉ.વ. ૮૬, અડાલજ
- **સ્વ. દંતાણી હીરાભાઈ જેઠાભાઈ,** ઉ.વ. ૭૧, ડભોડા
- **સ્વ. ગોલણીયા રામુબેન દેવજીભાઈ,** ઉ.વ. ૮૪, સેકટર-૨
- **સ્વ. દેસાઈ સુવર્ણલતા ઈશ્વરલાલ,** ઉ.વ. ૮૯, સેકટર-૨૨

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પટેલ નીરૂબેન દશરથભાઈ,** ઉ.વ. ૫૪, રાયસણ

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલી દ્વારા વૃક્ષારોપણ

ન્યૂ ગ્રીનસીટી પરિવાર સેકટર-૨૬ તથા જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલીના સંયુકત ઉપક્રમે સદભાવના ગાર્ડનમાં સર્કલ પર વોકીંગ વેના રોડ પર ગ્રીનસીટી વસાહતમાંથી વિદાય લેનાર સ્વજનોના સ્મરણાર્થે વૃક્ષારોપણ કરી તેના ઉપર ટ્રી ગાર્ડ મુકી સ્વજનની કાયમી યાદગીરી રહે તે માટે વિદાય લીધેલા સ્વજનની નેમ-પ્લેટ બનાવી નેમપ્લેટ ટ્રી ગાર્ડ પર લગાવી વૃક્ષોની વાવણી કરી હતી. આ કાર્યક્રમમાં નરેશભાઈ પટેલ (જાયન્ટસ ગ્રુપના મેમ્બર), કચરાભાઈ પટેલ, આર.કે. પટેલ, પી.એમ. પટેલ, નટુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, પ્રવીણ પટેલ, નીલમ પટેલ, દેવીલાલ ચૌધરી, ભરતભાઈ ચૌધરી, જયંતિભાઈ ચૌધરી, નીતીનભાઈ ચૌધરી, વિપુલ ભાવસાર, વિક્રમસિંહ વાઘેલા, જીજ્ઞેશભાઈ ખત્રી, જય પટેલ, નિલેશ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. જાયન્ટસ સાહેલી ગ્રુપના ગાયત્રી પટેલ, કવિતાબેન પટેલ, ચેતનાબેન પટેલ, નીલુ ભાવસાર, મિત્તલબેન પટેલ દ્વારા કાર્યક્રમ સફળ રહ્યો હતો.

રાખડી પાર્સલ ફી સેવા

ગાંધીનગર, તા.૧૨

ગણતરીના દિવસો બાદ આવી રહેલા રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે શ્રીનાથ ટ્રાવેલ એજન્સી દ્વારા મીઠાઈ તેમજ રાખડીના ફી પાર્સલ સેવા શરુ કરવામાં આવી છે. આ સર્વિસમાં કોઈપણ પ્રકારના કેશ કવર સ્વીકારવામાં આવશે નહી. રાખડી ફી પાર્સલ સેવાની વધુ માહિતી માટે મો. ૯૦૯૯૦ ૨૨૨૨૫ તેમજ મો.૯૦૯૯૦ ૨૨૨૨૬ પર કોલ કરવાનો રહેશે. આ રાખડી પાર્સલ ફી સેવાનો લાભ શ્રીનાથ ટ્રાવેલ એજન્સીની તમામ શાખાઓમાંથી મળી રહેશે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ઓનલાઈન વ્હાઈટ એન્ડ બ્લુ કલર ઉજવાયો હતો. જેમાં બાળકોએવ્હાઈટ અને બ્લુ કલરની વિવિધ વસ્તુઓની જાણકારી આપી રસપૂર્વક ભાગ લીધો હતો.